**પ્લાસ્ટીક કચરાને પુન:ચક્રીત કરવા**

* ૧૫/૩/૧૫૪: શ્રી ચૈતન્ય દેસાઈ (અકોટા): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે પ્લાસ્ટિકના ઉપયોગને અટકાવવા તથા પ્લાસ્ટિકના કચરાનું એકત્રિકરણ કરી પુન:ચક્રિત (રીસાયકલ) કરવા અંગે લોકોમાં જાગૃતતા ફેલાવવા શી કાર્યવાહી કરેલ છે**?** | (૧) તા: ૩૧–૦૩–૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે પ્લાસ્ટીકના ઉપયોગને અટકાવવા તથા પ્લાસ્ટિકના કચરાનું એકત્રિકરણ કરી પુન:ચક્રિત (રીસાઇકલ) કરવા અંગે લોકોમાં જાગૃતતા લાવવા રાજ્ય સરકાર દ્વારા જરુરી કાર્યવાહી કરવામાં આવેલ છે. |

ભારત સરકાર દ્વારા ૧૮ માર્ચ, ૨૦૧૬ના રોજ પ્લાસ્ટીક કચરા વ્યવસ્થાપન– ૨૦૧૬ના નિયમો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેમાં ૧૨ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ જરૂરી સુધારા સાથે સીંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. જે બાબતે જનજાગૃતિ અર્થે નીચે મુજબના પગલા લેવામાં આવેલા છે:

જનજાગૃતિ

રાજ્યમાં પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન– ૨૦૧૬ ના નિયમોની બહોળી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જે અન્વયે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા દૈનિક સમાચાર પત્રોમાં કુલ ત્રણ વખત જાહેર સુચના આપેલ છે. રેડીયોમાં પ્લાસ્ટીકના વપરાશને ઓછો કરવા તથા સીંગલ યુઝ પ્લાસ્ટીકના વપરાશ રોકવા જીંગલ બનાવી પ્રસારીત કરવામાં આવેલ છે.

સીનેમા થીયેટરમાં આ અંગેની જાહેર સુચના દર્શાવી જનજાગૃતિનુ કાર્ય કરેલ છે.

આ અન્વયે તા: ૦૫–૦૬–૨૦૨૨ પર્યાવરણ દિનના રોજ રાજ્યકક્ષાના કાર્યક્રમમાં પ્લાસ્ટીકના ઉપયોગને ઘટાડવા તથા સીંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરવા બાબતે શપથ લેવડાવવામાં આવેલ.

પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬ હેઠળ રાજ્યમાં ૬૧૦ પ્લાસ્ટીક વેસ્ટ પ્રોસેસર, ૫૧૩ ઉત્પાદકો, ૧૪૦૯ આયાતકારો અને ૭૯ બ્રાન્ડ માલિકોને રજીસ્ટ્રેશન આપવામાં આવેલ છે. આમ નિયમ અંતર્ગત રજીસ્ટ્રેશન મંજુર કરવામાં ગુજરાત રાજ્ય મોખરાનુ સ્થાન ધરાવે છે.

તદઉપરાંત આઝાદીના અમૃત મહોત્સવ અન્વયે PPP થકી ઉલ્લેખનીય કામગીરી કરવામાં આવેલ છે તથા અંબાજી પદયાત્રા અને પ્લાસ્ટીક વેસ્ટના કો–પ્રોસેસીંગ અંતર્ગત જનજાગૃતિની કામગીરી કરવામાં આવેલ છે.

..........................................................................................................................................